**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** ISSN: 2581-6241 Volume - 2, Issue - 4, July-August – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 27/07/2019 Accepted on : 14/08/2019 Publication Date: 31/08/2019

# દક્ષિણ ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચેના સંબંધનો એક અભ્યાસ

**Pratik N. Tailor**
Ph.D. Scholar,
Department of Economics, Saurashtra University, Rajkot, Gujarat, India
Email - swarpratik1099@gmail.com

**સારાંશ:** સાક્ષરતા અને શિક્ષણ એ સમાજિકવિકાસનામહત્વપૂર્ણ નિર્દેશકો છે. જે માનવ વિકાસમાટે મહત્વની ભૂમિકા નિભાવે છે, જેની અસર દેશના સામાજિક-આર્થિક વિકાસ પર થતી હોય છે. સેન્સસ ઓફ ઈન્ડીયાના મત મુજબ ૭ વર્ષ કે તેથી વધુ વય ધરાવતી વ્યકિતઓ કે જેઓ સમજદારીપૂર્વક કોઈપણ ભાષામાં લખી અને વાંચીશકે તેઓને સાક્ષરતરીકે ઓળખવામાં આવે છે. "દેશની વસ્તીમાં પ્રતિહજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યાને જાતિ પ્રમાણ અથવાલિંગ પ્રમાણ કહેવામાં આવે છે." સાક્ષરતા દ્વારાસમાજમાં પ્રવર્તતી સામાજિક અસમાનતાનું નિવારણ શક્ય બને છે. તેમાંય વિશેષતઃ પ્રતિહજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ કરવા માટે સ્ત્રી સાક્ષરતા ખુબ જ મહત્વનું છે. પ્રસ્તુત અભ્યાસ દક્ષિણ ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચેના સંબંધ પર હાથ ધરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી આધારિત છે જે સેન્સસ ઓફ ઇન્ડિયા ૨૦૧૧ માંથી પ્રાપ્ત કરવામાં આવી છે. સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સંબંધ તપાસવા માટે કાર્લ પિયર્સનનાસહસંબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાક્ષરતામાં થતા ટકાવારી ફેરફારની જાતિ પ્રમાણ ઉપર કેટલી અસર થાય છે તે તપાસ કરવા માટે *Dual Log Regression Model* નોઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસમાં જણાયું છે કે પુરુષ સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે આંશિક ઋણ સાર્થક સંબંધ જોવામળ્યો છે. પરંતુ સ્ત્રી સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સાર્થક સંબંધ જણાયો નથી. પુરુષ સાક્ષરતામાં થતો ફેરફાર જાતિ પ્રમાણમાં ફેરફાર લાવે છે.

**ચાવીરૂપ શબ્દો:** સાક્ષરતા, જાતિ પ્રમાણ, સહસંબંધ, સામાજિક-આર્થિક વિકાસ.

## ૧. પ્રસ્તાવના

કોઈપણ દેશના ઝડપી આર્થિક અને સામાજિક વિકાસ માટે શિક્ષણ એક અગત્યનું પરિબળ છે. સાક્ષરતા અને શિક્ષણ એ સમાજિક વિકાસના મહત્વપૂર્ણ નિર્દેશકો છે. જે માનવ વિકાસ માટે મહત્વની ભૂમિકા નિભાવે છે, જેની અસર દેશના સામાજિક-આર્થિક વિકાસ પર થતી હોય છે. શિક્ષણની ઉચ્ચ ગુણવત્તા દ્વારા સારા સ્વાસ્થ્ય અને પોષણની પ્રાપ્તિ, આર્થિક વૃદ્ધિ, વસ્તી નિયંત્રણની સાથે સાથે સમગ્ર સમાજ માટે લાભદાયી છે. સાક્ષરતા એ કોઈપણ સમાજમાં સામાજિક-સાંસ્કૃતિક મૂલ્યનો સૂચક છે અનેતેમાં થતા ફેરફાર સમાજના સામાજિક-સાંસ્કૃતિક અને આર્થિક મૂલ્યોમાં ફેરફાર લાવે છે. સાક્ષરતા એ માનવ વિકાસ આંક વિવિધ ઘટકો પૈકી એક મહત્વનો ઘટક છે, સાથે સાથે સામાજિક-આર્થિક અને સાંસ્કૃતિક વિકાસ માટેનો મહત્વનો સૂચક છે.

## ૧.૧ સાક્ષરતા[1] અને જાતિ પ્રમાણનો અર્થ:

સામાન્ય રીતે "સાક્ષરતા એટલે ચોક્કસ સમજણ સાથે લખવા અને વાંચવાની ક્ષમતા."

સેન્સસ ઓફ ઈન્ડીયાના મત મુજબ ૭ વર્ષ કે તેથી વધુ વય ધરાવતી વ્યકિતઓ કે જેઓ સમજદારીપૂર્વક કોઈપણ ભાષામાં લખી અને વાંચી શકે તેઓને સાક્ષર તરીકે ઓળખવામાં આવે છે.

યુનેસ્કોના મત પ્રમાણે વિવિધ બાબતો સાથે સંકળાયેલી મુદ્રિત અને લેખિત સામગ્રીનો ઉપયોગ કરીને વ્યકિતની ઓળખવા, સમજવા, સમજાવવા, સર્જન કરવા, વાતચીત અને ગણતરી કરવાની ક્ષમતા એટલે સાક્ષરતા."

[1]Literacy Rate = Literate Population/Total Population*100

**જાતિ પ્રમાણ**[2]

"દેશની વસ્તીમાં પ્રતિહજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યાને જાતિ પ્રમાણ અથવા લિંગ પ્રમાણ કહેવામાં આવે છે."

## ૧.૨ સાક્ષરતા અને જાતિ પ્રમાણનું મહત્વ:

કોઈપણ દેશના સામાજિક વિકાસમાં સાક્ષરતા એ એક મહત્વનો સૂચકઆંક છે. અક્ષરજ્ઞાન એ એક માનવ અધિકાર છે, જે વ્યક્તિગત સશક્તિકરણ, સામાજિક અને માનવ વિકાસ માટે એક અગત્યનું સાધન છે. સાક્ષરતા દ્વારા સમાજમાં પ્રવર્તતી સામાજિક અસમાનતાનું નિવારણ શક્ય બને છે. તેમાંય વિશેષતઃ પ્રતિહજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યામાં વૃદ્ધિ કરવા માટે સ્ત્રી સાક્ષરતા ખુબ જ મહત્વનું છે. સાક્ષરતામાંથતી વૃદ્ધિ એ સામાજિક વિકાસનો સૂચક છે. જે સમાજમાં પ્રવર્તતી સ્ત્રી-પુરુષો વચ્ચેની અસમાનતા દુર કરે છે. જાતિ પ્રમાણએ સામાજિક વિકાસનો એક મહત્વનો નિર્દેશક છે. જે સમાજમાં મહિલાઓનું સ્થાન દર્શાવે છે (PRIYANKA,2011). ઉપરાંત વસ્તીશાસ્ત્રના અભ્યાસમાં પણ જાતિપ્રમાણ મહત્વનું સ્થાન ધરાવે છે. જાતિપ્રમાણ દ્વારા વસ્તીની રચના સમજી શકાય છે, સાથે સાથે સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચે કેટલી અસમાનતા પ્રવર્તે છે એ જાણી શકાય છે. જાતિપ્રમાણ દ્વારા સમાજમાં સ્ત્રી-પુરુષ વચ્ચે પ્રવર્તતી અસમાનતા જાણી અસમાનતાદૂર કરવા માટેના પગલા લઈ શકાય છે. જાતિ પ્રમાણ જેમ ઓછું તેમ અસમાનતા વધુ જે સામાજિક વિકાસના સ્તરને નીચું લઈ જાય છે. બીજી બાજુ જાતિ પ્રમાણ જેમ ઉચું તેમ અસમાનતા ઓછી જે ઊંચાં સામાજિક વિકાસના સ્તરમાં ફલિત થાય છે.

## ૧.૩ સાક્ષરતા ઓછું હોવાના કારણો:

સાક્ષરતા એ સામાજિક-આર્થિક વિકાસ માટેની ચાવી છે. ભારતમાંકુલ વસ્તીના ૭૪.૦૪% વસ્તી સાક્ષર છે. જેમાં સ્ત્રી સાક્ષરતા દર ૬૫.૪૬% અને પુરુષ સાક્ષરતાદર ૮૨.૧૪% જેટલો છે. ઉપરોક્ત આંકડાકીય માહિતી પરથી સ્પષ્ટ થાય છે કે ભારતમાં સાક્ષરતાનું પ્રમાણ ઓછું છે. તે માટેના અનેક કારણો જવાબદાર છે, જે નીચે મુજબ છે.

### (૧) શિક્ષણ પાછળ થતું ઓછું ખર્ચ:

ભારતમાં સાક્ષરતા પ્રમાણ ઓછું હોવા માટે એક મહત્વનું કારણ શિક્ષણ પાછળ થતું ઓછું ખર્ચ જવાબદાર છે. ભારતમાં કુલ મૂડીરોકાણનોખૂબ ઓછો ભાગ શિક્ષણ પાછળખર્ચવામાં આવે છે. જેને પરિણામે સાક્ષરતા દર ઓછો જોવા મળે છે.

### (૨) ગરીબી:

ગરીબી પણ સાક્ષરતા દરને અસર કરતું એક અગત્યનું પરિબળ છે. કુટુંબની નબળી આર્થિક સ્થિતિના કારણે શિક્ષણ ખર્ચને આર્થિક રીતે પંહોચી શકાતું ન હોવાથી ગરીબ કુટુંબોના બાળકો સાપેક્ષ રીતે અભ્યાસકીય પ્રવૃતિ સાથે જોડાયેલા હોતા નથી. જે પણ ઓછાં સાક્ષરતા દર માટેનું કારણ છે.

### (૩) બેરોજગારી અને સ્થળાંતર:

ભારતમાં નીચા સાક્ષરતાદર માટે સૌથી અગત્યનું પરિબળ બરોજગારી અને સ્થળાંતર છે. બેરોજગારીના કારણે દિવસે દિવસે સ્થળાંતરનું પ્રમાણ વધતું જાય છે જેને પરિણામે કુટુંબના સભ્યો સાથે બાળકે જે શાળામાં અભ્યાસ કરે છે તેણે પણ પરિવાર સાથે સ્થળાંતર થવું પડે છે. જે બાબત પણ સાક્ષરતાને અસર કરે છે.

### (૪) શાળા છોડી જતા બાળકોનું ઊંચું પ્રમાણ

ખાસ કરીને ગ્રામ્ય વિસ્તાર કે જ્યાં ઘરના અંતરથી શાળાનું અંતર દૂર હોવાના કરને દૂરના સ્થળોએ શાળાએ ન જવાનું બાળકનું વલણ સ્વાભાવિક હોય છે. જે પણ સાક્ષરતાને અસર કરે છે.

## ૧.૪ જાતિ પ્રમાણ ઓછું હોવાના કારણો:

---

[2]Sex Ratio = Female Population/ Male Population*1000

ભારતમાં કેરળ રાજ્યને બાદ કરતા મોટાભાગના રાજ્યમાં પ્રતિ હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા ઓછી છે. જાતિ પ્રમાણ ઓછું હોવા પાછળ મુખ્યત્વે સામાજિક-સાંસ્કૃતિક કારણો જવાબદાર છે. સમાજમાં સ્ત્રીઓનું નીચું સ્થાન, નાની વયે થતા લગ્ન, વધુ પડતી પ્રસુતિ, સમાજમાં પ્રચલિત વિવિધ માન્યતા વગેરે કારણોસર કુલ વસ્તીમાં પુરુષો કરતા સ્ત્રીઓનું પ્રમાણ ઓછું છે.

## ૨.સંબંધિત સાહિત્યની સમીક્ષા (Review of Literature)

**Priyanka K. (2017)**એ તેમના સંશોધન પેપર કે જેનું શિર્ષક Literacy and Sex Ratio: Convergence or Divergence -A Geographical Study of Haryana Districtમાં તેમણે હરિયાણા જિલ્લામાં સાક્ષરતા અને જાતિ ગુણોત્તર વચ્ચે સંબંધનો અભ્યાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસ માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો. આભ્યાસ માટે જરૂરી ગૌણ માહિતીનું એકત્રીકરણ સેન્સન ઓફ ઇન્ડિયા ૨૦૧૧ પરથી કરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસમાં મુખ્ય હેતુઓમાં (૧) સાક્ષરતા અને જાતિ ગુણોત્તરના સ્વરૂપનો અભ્યાસકરવો, (૨) સાક્ષરતા અને જાતિ ગુણોત્તર વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવાનો હતો. પ્રસ્તુત અભ્યાસના તારણો પરથી સ્પષ્ટ થાયછે કે સાક્ષરતા અને જાતિ ગુણોત્તરમાં પ્રાદેશિક તફાવત જોવા મળ્યો છે. ઉપરાંત એ બને વચ્ચે નકારાત્મક સંબંધ જોવા મળ્યો છે.

**Hiral D. (2016)**એ તેમના સંશોધન પેપર કે જેનું શિર્ષક"A Study on Correlation between literacy and sex ratio in Gujarat"માં ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચેના સંબંધો અભ્યાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસ એ ગૌણ માહિતી પર આધારિત છે. અભ્યાસ માટે સેન્સસ ૨૦૧૧ની માહિતી નો ઉપયોગ કરવામાં આવ્યો છે. પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓમાં (૧) ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ ગુણોત્તરનો અભ્યાસ કરવો. (૨) ગુજરતમાં સાક્ષરતા દર અને જાતિ ગુણોત્તર વચ્ચેના સહસંબંધનું વિશ્લેષણ કરવું. અભ્યાસના તારણો પરથી સ્પષ્ટ થાય છે કે, સાક્ષરતા અને જાતિ ગુણોત્તર એક બીજાથી સ્વતંત્ર છે. એટલે કે સાક્ષરતા અને જાતિ ગુણોત્તર વચ્ચે નકારાત્મક સંબંધ રહેલો છે. વધુમાં જાણવા મળ્યું કે જ્યારે જાતિ ગુણોત્તર વધારે છે ત્યારે સાક્ષરતામાં ઘટાડો થાય છે અને જ્યારે સાક્ષરતામાં વધારો થાય છે ત્યારે જાતિ પ્રમાણ ઘટાડો થાય છે.

**Neeraj Y. (2015)**એ તેમના સંશોધન પેપર કે જેનું શિર્ષક "Correlation between literacy and sex ratio in Rajasthan: A geographical analysis"માં તેમને રાજસ્થાનમાં સાક્ષરતા અને જાતિ ગુણોત્તર વચ્ચે સંબંધનો અભ્યાસ કર્યો હતો. પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે. અભ્યાસના હેતુઓને ધ્યાનમાં રાખી અભ્યાસ માટે જરૂરી માહિત સેન્સસ ઓફ ઇન્ડિયા પરથી લેવામાં આવી હતી. અભ્યાસના મુખ્ય હેતુઓમાં (૧) રાજસ્થામાં સાક્ષરતાના માળખાનો અભ્યાસ કરવો, (૨) રાજસ્થામાં જાતિ ગુણોત્તરના માળખાનો અભ્યાસ કરવો, (૩) સાક્ષરતા અને જાતિ ગુણોત્તર વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવાનો હતો. અભ્યાસના તારણો પરથી સ્પષ્ટ થાય છે કે રાજસ્થાનમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે વ્યાપક અસમતુલા જોવા મળી છે. ઉપરાંત સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે નકારાત્મક સંબંધ જોવા મળ્યો છે.

**Anil S. et. al.(2014)** એ તેમના સંશોધન લેખ કે જેનું શિર્ષક "The Influence of Female Literacy on the Sex Ratio in Indian States" માં તેમણે સ્ત્રી સાક્ષરતાનો જાતિ પ્રમાણ પર કેટલો પ્રભાવ પડે છે તે બાબતનો અભ્યાસ કર્યો હતો. પ્રસ્તુત સંશોધન એ ગૌણ માહિતી પર આધારિત છે. પ્રસ્તુત અભ્યાસ ભારતના કુલ ૨૪ રાજ્યો પર હાથ ધરવામાં આવ્યો હતો. સંશોધક દ્વારા ૧૯૮૧ થી ૨૦૧૧ સેન્સની માહિતીનો ઉપયોગ કરી સંશોધન હાથ ધરવામાં આવ્યું હતું. પ્રસ્તુત અભ્યાસના મુખ્ય હેતુઓમાં ૧૯૮૧ થી ૨૦૧૧ના સમયગાળા દરમિયા સ્ત્રી સાક્ષરતાની જાતિ પ્રમાણ પરની અસરો તપાસવાનો હતો. સંશોધકના તારણો મુજબ સ્ત્રી સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે ધન સંબંધ જોવા મળ્યો છે. એટલે કે જેમ સાક્ષરતા વધુ તેમ જાતિ પ્રમાણ વધવા પામે છે.

**Monu K. (2013) એ તેમના સંશોધન પેપર કે જેનું શિર્ષક "Correlation between Female Literacy & Child Sex Ratio in Haryana (2011): A Geographical Analysis"** માં તેમને સ્ત્રી સાક્ષરતા અને બાળ જાતિ પ્રમાણનો અભ્યાસ હાથ ધર્યો હતો .પ્રસ્તુત અભ્યાસ ગૌણ માહિતી પર આધારિત છે .અભ્યાસ માટે જરૂરી એવી ગૌણ માહિતી

સેન્સેસ ઓફ ઇન્ડિયા ૨૦૧૧ની વેબસાઈટ લેવામાં આવી છે(૧) . હરિયાણામાં સ્ત્રી સાક્ષરતા અને જાતિ પ્રમાણના માળખાનો અભ્યાસ કરવોસાક્ષરતા (૨) , અને બાળ જાતિ પ્રમાણ વચ્ચે સંબંધનું વિશ્લેષણ એ અભ્યાસના મુખ્ય હેતુઓ હતા. સંશોધકના તારણો અનુસાર સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે પ્રાદેશિક અસમાનતા પ્રમાણ ઉચું છે. સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે નકારાત્મક સંબંધ જોવા મળ્યો છે. એટલેકે, જ્યાં જાતિ પ્રમાણ ઉચું છે ત્યાં સાક્ષરતા પ્રમાણ ઘણું જ ઓછું **છે.**

## ૪. અભ્યાસનું મહત્વ

પ્રસ્તુત અભ્યાસ દક્ષિણ ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચેના સંબંધ પર હાથ ધરવામાં આવ્યો છે. સાક્ષરતા એ સામાજિક વિકાસનો મહત્વના નિર્દેશકો છે. કોઈપણ દેશના સામાજિક-આર્થિક વિકાસમાં તે દેશનુંસાક્ષરતાપ્રમાણખૂબ જ મહત્વનું છે. શિક્ષણદ્વારા સમાજમાં પ્રવર્તતી અસમાનતા દૂર કરી શકાય છે. સાક્ષરતા એ જાતિ પ્રમાણને અસર કરતુ એક અગત્યનું પરિબળછે. સામાન્ય રીતે જેમ દેશમાં સાક્ષરતા દર ઉંચો તેમ જાતિ પ્રમાણ ઊંચું જોવા મળે છે. પ્રસ્તુતઅભ્યાસમાંસાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સંબંધરહેલો છે કે કેમ તે જાણવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.

## ૫. અભ્યાસના હેતુઓ

પ્રસ્તુત અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

(૧) દક્ષિણ ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચેના સંબંધનો અભ્યાસ કરવો.
(૨) દક્ષિણ ગુજરાતમાં સાક્ષરતા અને જાતિ પ્રમાણનો આંતર જીલ્લા તુલનાત્મક અભ્યાસ કરવો.
(૩) સાક્ષરતાની જાતિ પ્રમાણ પર થતી અસરોનું મૂલ્યાંકન કરવું.

## ૬. પરિકલ્પના

પ્રસ્તુત અભ્યાસમાં નીચે દર્શાવેલ પરિકલ્પનાનું પરીક્ષણ કરવામાં આવ્યું છે.

(૧) સાક્ષરતાની જાતિ પ્રમાણ પર સાર્થક અસર થતી નથી.

## ૭. માહિતીનું એકત્રીકરણ

પ્રસ્તુત અભ્યાસના ચોક્કસ હેતુઓને ધ્યાનમાં રાખી માહિતીનું વિશ્લેષણ અને મૂલ્યાંકન કરવા માટે ગૌણ માહિતીઓ ઉપયોગ કરવામાં આવ્યો છે. ઓફીસ ઓફ રજીસ્ટ્રાર જનરલ& સેન્સસ કમિશ્નર, ગવર્મેન્ટઓફ ઇન્ડિયા દ્વારા પ્રકાશિત થતી આંકડાકીય માહિતીનો ઉપયોગ પ્રસ્તુત અભ્યાસ માટે કરવામાં આવ્યો છે. આ માહિતી સેન્સસ ઓફ ઇન્ડિયાની અધિકૃત વેબસાઈટ www.censusindia.gov.in પરથી પ્રાપ્ત કરવામાં આવી છે.

## ૮. માહિતી વિશ્લેષણની પદ્ધતિ

સૌ પ્રથમ પ્રાપ્ત માહિતીના સંપાદનનું કાર્ય હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ એકત્રિત કરેલ માહિતીને SPSS (Statistical Package for Social science) નામના સોફ્ટવેરમાં નાખવામાં આવી છે. ત્યારબાદ સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સંબંધ તપાસવા માટે કાર્લ પિયર્સનના સહસંબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. સાક્ષરતામાં થતા ટકાવારી ફેરફારની જાતિ પ્રમાણ ઉપર કેટલી અસર થાય છે તે તપાસ કરવા માટે Dual Log Regression Model નોઉપયોગ કરવામાં આવ્યો છે.

## ૯. સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચેનો સહસંબંધ

અહીંપુરુષ, સ્ત્રી અને કુલ સાક્ષરતાઅનેજાતિ પ્રમાણ વચ્ચે સંબંધ તપાસવા માટે કાર્લ પિયર્સનના સહસંબંધાંકનો ઉપયોગ કરવામાં આવ્યો છે. એ અંગેનું વિશ્લેષણ નીચે મુજબ છે.

Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences ISSN: 2581-6241 Volume - 2, Issue - 4, July-August – 2019
Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal Impact Factor: 1.847
Received on : 27/07/2019 Accepted on : 14/08/2019 Publication Date: 31/08/2019

**૪.૧ સાક્ષરતાઅને જાતિપ્રમાણ વચ્ચેના સહસંબંધ દર્શાવતુંકોષ્ટક**

| | કાર્લ પિયર્સન સહસંબંધાંક | સાર્થકતાની કક્ષા |
|---|---|---|
| પુરુષ સાક્ષારતા અને જાતિ પ્રમાણ | -૦.૪૭૨ | ૦.૦૦૧ |
| સ્ત્રી સાક્ષારતા અને જાતિ પ્રમાણ | ૦.૦૧૯ | ૦.૮૯૯ |
| કુલ સાક્ષરતા અને જાતિ પ્રમાણ | ૦.૦૧૧ | ૦.૯૪૩ |

સાક્ષરતાઅને જાતિપ્રમાણ વચ્ચેના સહસંબંધ તપાસવા માટે કાર્લ પિયર્સન સહસંબંધાંક પરીક્ષણ કરતા જાણવા મળ્યું છે કે, પુરુષ સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે આંશિક ઋણ સાર્થક સહસંબંધ રહેલો છે. સહસંબંધાંક મુલ્ય -૦.૪૭૨ જણાયું છે. આથી કહી શકાય કે દક્ષિણ ગુજરાતમાં પુરુષ સાક્ષરતાનું પ્રમાણ જેમ ઊંચું તેમ જાતિ પ્રમાણ નીચું છે.

સ્ત્રી સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સાર્થક સહસંબંધ જણાયો નથી. આથી પુરુષ સાક્ષરતામાં થતા ટકાવારી ફેરફારની જાતિ પ્રમાણ ઉપર કેટલી અસર થાય છે, તે તપાસ કરવા માટે નિયત સંબંધાકનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. અહીં Dual Log Regression Model નો ઉપયોગ કરવામાં આવ્યો છે. જેનું પરિણામ નીચે મુજબ છે.

**૪.૧.૨ Dual Log Regression Model**

| મોડેલ | $B_0$ | $B_1$ | $R^2$ |
|---|---|---|---|
| $LSR = B_0 - B_1 LMLR$ | 8.35 | -0.345 | 0.19 |

LSR = Log Sex Ratio, LMLR = Log Male Literacy Rate

ઉપરોક્ત કોષ્ટકમાં જોતા જણાય છે કે, $B_1$ નું મૂલ્ય-૦.૩૪૫ છે. જે દર્શાવે છે કે પુરુષ સાક્ષરતામાંએક ટકાનો વધારો કે ઘટાડો થાય તો જાતિ પ્રમાણમાં ૦.૩૪૫% ઘટાડો/વધારો થાય છે.

$R^2$ નું મૂલ્ય ૦.૧૯ જેટલું જણાયું છે, જે દર્શાવે છે કે, જાતિ પ્રમાણમાં થતા ૧૯% જેટલો ફેરફાર પુરુષ સાક્ષરતાને કારણે થાય છે. આ પ્રમાણ ઘણું નીચું છે. આમ, કહી શકાયકે સાક્ષરતા ઉપરાંત જાતિ પ્રમાણને નિર્ધારિત કરતા બીજા અન્ય પરિબળો પણ મહત્વના છે.

વાસ્તવિક રીતે જોઈએતો જેમ સાક્ષરતા પ્રમાણ ઊંચું હોય તેમ જાગૃતિ વધુ હોવાથી જાતિ ભેદભાવ દૂર થાય છે એટલે કે, જાતિ પ્રમાણ દર હજાર પુરુષોએ સ્ત્રીઓની સંખ્યા શક્ય હોય તેટલી ઉંચી હોવી જોઈએ. પરંતુ પ્રસ્તુત અભ્યાસમાં પુરુષ સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સાર્થક નકારાત્મક સંબંધ જોવા મળ્યો છે, જે આવે દર્શાવે છે કે, પુરુષોમાં સાક્ષરતા જેમ વધતી જાય છે તેમ જાતિ ભેદભાવ વધતો જાય છે, આથી જાતિ પ્રમાણ નીચું છે.

એવું કહી શકાય કે જાતિપ્રમાણનીચું હોવા માટેના કારણોમાં જાગૃતતા તેમજ અદ્યતન ટેકનોલોજીનો વધેલો ઉપયોગ જવાબદાર ગણી શકાય.

## ૧૦. અભ્યાસના તારણો:

પ્રસ્તુત અભ્યાસના મુખ્ય તારણો નીચે મુજબ છે.

(૧) પુરુષ સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે આંશિક ઋણ સાર્થક સંબંધ જોવામળ્યો છે.

(૨) સ્ત્રી સાક્ષરતા અને જાતિ પ્રમાણ વચ્ચે સાર્થક સંબંધ જણાયો નથી

(૩) પુરુષ સાક્ષરતામાં થતો ફેરફાર જાતિ પ્રમાણમાં ફેરફાર લાવે છે.

**Shikshan Sanshodhan : Journal of Arts, Humanities and Social Sciences** **ISSN: 2581-6241** **Volume - 2, Issue - 4, July-August – 2019**
**Bi-Monthly, Peer-Reviewed, Refereed, Indexed Journal** **Impact Factor: 1.847**
**Received on : 27/07/2019** **Accepted on : 14/08/2019** **Publication Date: 31/08/2019**

## સંદર્ભસૂચી (References):

1. Anandita, D. et. al. (2015). Fluctuation of Sex Ratio in India with Special Reference to West Bengal. International Journal of Recent Scientific Research, 6(5), 3796-3801.
2. Anil, S. et. al.(2014). The Influence of Female Literacy on the Sex Ratio in Indian States. International Journal of Medical Science and Public Health, 3(10), 1219-1224.
3. Hiral, D. et.al. (2016). A Study on Correlation between Literacy and Sex Ratio in Gujarat. Abhinav International Monthly Refereed Journal of Research in Management & Technology, 5(8), 37-42.
4. Monu, K. (2013). Correlation between Female Literacy & Child Sex Ratio in Haryana (2011): A Geographical Analysis.International Journal of Advanced Research in Management and Social Sciences, 2(10), 65-73.
5. Neeraj, Y. (2015). Correlation between literacy and sex ratio in Rajasthan: A geographical analysis. International Journal of Engineering Development and Research, 3(4), 1108-1111.
6. Priyanka, K. (2011). Literacy and Sex Ratio: Convergence or Divergence – A Geographical Study of Haryana District. The research journal of social sciences, 8(9), 38-43.
7. Ravinder, J. el. al. (2016) Level of Female Literacy and Its Differentials in Haryana: A Lowest Sex Ratio State of India. International Journal of Science and Research, 5(4), 2173-2177.
8. Sandip, S. (2016). Female Literacy and Gujarat. Journal of Social Sciences, 22, 1-10.
9. Report of census, 2011 (data collect from census web site).
10. Socio - Economic Review, Gujarat State, 2013-2014.